
# કલમ કડછી બરછી

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ફેબ્રુઆરી–૨૦૨૩ | વર્ષ: ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## સુવિચાર...

◎ પુષ્ટિ એટલે પરમાત્માની નિરવિઘ્ન કૃપા,ભગવાનની કૃપા વિના જ્ઞાન અને કર્મ નિરૂપયોગી છે. ભગવાન પોતાના અનુગ્રહથી ભકતને પોષે છે.

◎ ઈશ્વર નિર્ગુણ એટલે કે રસકસ વિનાનો નથી પરંતુ ઐશ્વર્ય અને અનેક શકિતથી પરિપૂર્ણ છે.એ સાકાર પણ છે અને નિરાકાર પણ છે.જીવ ઈશ્વરનો અંશ છે.

◎ મનુષ્યનું ચિત્ત કેવળ નિર્દોશ બને તો જ ભગવાન પ્રસન્ન થાય.બાળક જેમ નિર્દોષભાવે સર્વે પદાર્થોનો આંદ લે છે તેવી જ રીતે સૌએ આનંદ લેવો જોઈએ.

◎ બાળકના પ્રેમમાં જેમ વિકાર હોતો નથી તેમ આપણા પ્રેમમાં પણ વિકાર ન રહે એવી સૌને શુભકામના. જીવનમાં સફળતા મેળવવા માટે આપણે ધીરજને પરમ મિત્ર, અનુભવને બુદ્ધિમાન સલાહકાર,સાવધાનીને મોટો ભાઈ અને આશાને પોતાનો સંરક્ષક બનાવીએ.

**સિદ્ધાંતી :** આપણા ઋષિમુનીઓએ અનેક પ્રકારની ગ્રહ સ્થિતિનો વિચાર કરીને પોતાના અનુભવ પ્રમાણે તથા દેશકાળનો નિર્ણય કરીને જ્યોતિષના અઢાર સિદ્ધાંતીઓ જણાવેલ છે જે નીચે મુજબ છે.. ૧. સૂર્ય ૨.બ્રહ્મા ૩. વ્યાસ ૪. વસિષ્ઠ ૫. અત્રિ ૬. પરાશર ૭. કશ્યપ ૮. નારદ ૯. ગર્ગ ૧૦. મરીચિ ૧૧. મનુ ૧૨. અંગીરા ૧૩. લોમેશ ૧૪. પૌલિશ ૧૫. ચ્યવન ૧૬. યવન ૧૭. બ્રુહસ્પતિ ૧૮. શૌનક.

### મજા આવી જાય...

કોઈ અધૂરૂં સ્વપ્ન ફળી જાય તો મજા આવી જાય..
કોઈ રૂઠેલું જો પાછું વળી જાય તો મજા આવી જાય..
આપણે ક્યાં જોઈએ છે છાંયડો,આખા ઝાડનો ભલા,
એક ડાળ આ બાજુ વળી જાય તો મજા આવી જાય..
મનમાં થતી હોય મુંઝવણ કે એમને ગમશે નહી,
એ જ દિલની વાત કળી જાય તો મજા આવી જાય..
અજાણ્યા મેળામાં એકલા અથડાતા હોઈએ આમતેમ,
કોઈ મનગમતું સામે મળી જાય તો મજા આવી જાય..
સંઘર્યા છે કાયમ, કદી સોદા નથી કર્યા સરેબાજાર,
મુશાયરના માર્કેટમાં શેર ઉછળી જાય તો મજા આવી જાય..
મનુષ્યને તો માણવું છે મનભરી,મનમૂકીને મોજથી,
પણ ! 'એની' ગોદમાં આંખ ઢળી જાય તો મજા આવી જાય..
'મિત્ર' આપણે નથી કંઈ સાધુ સંત કે અવતારી ઓલિયા,
આ ભવસાગરના ફેરા ટળી જાય તો મજા આવી જાય.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

Don't feel alone.. there is always- someone who.. silently cares for you..

Weakness of attitude becomes weakness of characters. -Albert Einstein

You don't need to see the whole staircase Just take the first step - Martin Luther King Jr.

In spiritual economics.. "The more you give the more you get..!"

## વલય વૈદ્યએ IPSમાં જોડાઈને સમસ્ત જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું





વડોદરા સ્થિત શ્રી અંકિતભાઈ અને કલાબેન વૈદ્યના પુત્ર વલય વૈદ્યએ વર્ષ ૨૦૨૧માં જીપીએસસીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ ડેપ્યુટી કલેકટર તરીકે નિમણુંક મળતાં ગોધરા ખાતે ફરજ પણ બજાવી હતી પરંતુ તેમની ઈચ્છા ઈન્ડીયન પબ્લીક સર્વિસમાં જોડાવાની હતી આ લક્ષ્ય સુધી પહોંચવા દ્રઢ નિર્ધાર અને કઠોર મહેનત સાથે યુપીએસસીની પરીક્ષા આપી.જેમાં સફળતા મેળવી IPSમાં જોડાયા. આ 74 RR IPS બેચનો પાસિંગ આઉટ સમારોહ ૧૧ ફેબ્રુઆરીના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડેમી, હૈદરાબાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં યોજાય ગયો.આ સમારોહ માં ગુજરાત કેડરના IPS વલય વૈદ્યને આઉટડોર સ્પોર્ટસ અને એક્ટિવિટીઝમાં શાનદાર દેખાવ બદલ શ્રી અમીત શાહના હસ્તે બીએસએફ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.તદ્ઉપરાંત તાલીમ દરમ્યાનની કવાયતમાં ભાઇ વલયના ઉત્કૃષ્ટ પ્રદર્શન (પરફોર્મન્સ) બદલ સલામી ટૂકડીની આગેવાની કરવાની સુવર્ણ તક સાંપડી હતી.

ચિ. વલય,વડોદરા સ્થિત શ્રી પ્રફુલભાઈ વૈદ્યના પૌત્ર અને રાજકોટના શ્રી યોગેશભાઈ ધોળકિયા ના દોહિત્ર થાય છે.

યુવા વયે નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવાની આ સિદ્ધિ બદલ પરિવાર જ નહી નિઃશંક સમગ્ર જ્ઞાતિ ગર્વ અનુભવે છે.હાર્દિક અભિનંદન પાઠવીએ.

## સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ

સંસ્થાના ઉપક્રમે તા.૨૯/૧/૨૩ના રોજ શ્રી અ.વ.નાગર બોર્ડીંગ ખાતે વર્ષ ૨૦૨૧–૨૨ના વર્ષમાં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષીક વિતરણ સમારોહ યોજાય ગયો.જેનું અતિથિ વિશેષ પદ

*We are, "What we "Believe in...!!*

*Inhale "Confidence, "Exhale" Doubt..*

*Making time for "Joyfull activities" Is Self-Care.*

*Sometimes the biggest accomplishment in life is to find yourself..!"*

જાણીતા શિક્ષણવિદ્ શ્રી બિપીનભાઈ માંકડે શોભાવ્યું હતું.પ્રાર્થના ગીતથી પ્રારંભ થયેલ આ કાર્યક્રમમાં શ્રી દેવાંગ મંકોડીએ સંચાલનનો દોર સંભાળ્યો.સંસ્થાના પ્રમુખ શ્રી મકરંદભાઈ વોરાએ સ્વાગત પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યા બાદ મંત્રી શ્રી જલેન્દુભાઈ જોષીપુરાએ શ્રી બિપીનભાઈ માંકડનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.બાદમાં શૈલેષભાઈ વસાવડાએ સંસ્થાને મળેલ અનુદાનોની વીગતોથી માહિતગાર કર્યા.એક સમયે એકમાત્ર 'માંકડ કોચીંગ કલાસ'માં મામુલી ફી–જરૂરીયાતમંદોને નિઃશુલ્ક શિક્ષણ આપી અનેકના જીવન ઉજાળનાર મુ.રમેશભાઈ,મધુભાઈ અને તેમાંના એક એવા શ્રી બિપીનભાઈ માંકડે પ્રસંગોચિત્ત સંબોધનમાં પોતાના જીવનના રસપ્રદ પ્રસંગો આલેખતાં પોતાના ક્રિકેટના શોખ તેની સાથે જોડાયેલ વાતો, હનુમાનજી ઉપર અપાર શ્રધ્ધા  તેથી હનુમાન ચાલીસાના પઠન દ્વારા મળતાં બળ–આત્મવિશ્વાસ, તેમના ગુરૂજનો ઈશ્વરભાઈ વસાવડા, નાના મોટા અંતાણી સાહેબ, હર્ષવંતભાઈ હાથી વગેરે પાસેથી મેળવેલ શિક્ષણ, કેળવણીના અનેક દ્રષ્ટાંતો સાથે બાળકોને ગ્રહણ કરવા જેવી શીખ પણ આપી હતી.

(ગૂગલ પાસે કોઈપણ વિષયની માહિતી–જાણકારી મેળવી શકાશે પરંતુ તલસ્પર્શી સમજ સાથેનું સાચું શિક્ષણ તો સતત પોતે આજે પણ અભ્યાસરત–અપડેટ રહેતા આવા શિક્ષણસાધકો પાસેથીજ મળશે અને સાથે હકારાત્મક અભિગમ, નિષ્ઠા, પુરૂષાર્થ, નિઃસ્વાર્થ ભાવના, નમ્રતા,સમદ્રષ્ટિ,સંતોષ અને આનંદ સાથેના જીવનના સર્વાંગ વિકાસ માટેની જરૂરી કેળવણી ને સંસ્કાર પણ અનુભવના ઘડતરથી ઘડાયેલા આવા વડીલો પાસેથી મળશે.. (જે અનુભવે સમજાય છે!))




રસાળ શૈલીના આ સંબોધન બાદ સારી સંખ્યામાં ઉપસ્થિત બાળકો–વાલીઓની ઉપસ્થિતિમાં પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું. વિદ્યાર્થી સાથે વાલીની હાજરી અને તેમના પરિચયના નવા અભિગમની નોંધ લેવી ઘટે. આ વર્ષે વિશિષ્ટ સન્માનમાં રાષ્ટ્રીય કક્ષાની સમુદ્ર તરણ સ્પર્ધામાં ભાગ લઈ પોરબંદરના દરિયામાં એક કિ.મી. સ્વીમીંગ કરનાર ચિ. માતંગી મંથનભાઈ માંકડ (ઉ.વ.૬)નું સન્માનમાં કરવામાં આવ્યું હતું.મંત્રી શ્રી જલેન્દુભાઈ એ જ્ઞાતિના દિવંગતોને શ્રધ્ધાંજલિ અર્પણ કર્યા બાદ અંતમાં શ્રી શૈલેષભાઈ વસાવડાએ આભારદર્શન કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

Happyness held
is the seed...
"Happyness shared
is the flower...

Opinions
are not facts..
"Stop worrying
about what people
think about
you..!"

To improve
is to CHANGE"
"To be perfect
is to "CHANGE
OFTEN.

Pray together
"Stay together"
Win together..!!

# સમાચાર સંચય

❋ <u>ગાંધીનગર :</u> અત્રેના જ્ઞાતિ યુવાન શ્રી નીરવ વૈદ્યએ ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ કર્યું. તેમની પહેલી મનોરંજક અને થ્રીલર ગુજરાતી ફિલ્મ 'હું ઈકબાલ' ગુજરાતના અનેક શહેરોમાં તાજેતરમાં રીલીઝ થઈ.આ ફિલ્મમાં નીરવ વૈદ્યએ આર.જે.દેવકી, સોનાલી દેસાઈ અને જાણીતા કલાકાર મિત્ર ગઢવી સાથે અભિનય આપ્યો છે. વધુ એક નાગર યુવાનના ફિલ્મ ક્ષેત્રે પદાર્પણને વધાવીએ..શુભકામના પાઠવીએ.

❋ <u>અમદાવાદ :</u> 'હાટકેશજન' દ્વારા ગત વર્ષ દરમ્યાન ચાર વિવિધ કાર્યક્રમો યોજાયા બાદ આ વર્ષે પણ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સવારે ૯:૩૦થી ૧૨ વાગ્યા સુધી ગોદરેજ ગાર્ડન સીટીના નોર્થ કલબ હોલ ખાતે શિવ પૂજાનું આયોજન થઈ ગયું.જેમાં ૧૨૫ જેટલા જ્ઞાતિજનોએ શિવ પૂજન કરવાનો લાભ લીધો હતો.ધૂન આરતીથી વાતાવરણ ભકિતમય બની રહયું હતું. રાજકોટથી અત્રે સ્થાયી થયેલા શ્રી હિમાંશુ વૈદ્ય,ભાવીન વસાવડા તથા આ વર્ષે દુર્ગેશ વૈશ્નવની જહેમત અને સંપર્કને કારણે ગોતા અને આસપાસના વિસ્તારના જ્ઞાતિજનો સારી સંખ્યામાં જોડાયા હતા અને ઘણા જ્ઞાતિબંધુઓ અનુદાનો આપવા પણ પ્રેરાયા હતા.અંતમાં સૌ ફરાળી વાનગી સાથેનું ભોજન લઈ છૂટા પડયા હતા.

❋ અત્રેના શ્રી હિતાર્થ પંકજભાઈ મંકોડી દ્વારા સરદાર બેરેકનું અનાવરણ તેમજ ૨૬ જાન્યુઆરીના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

❋ અત્રેનાં નીતિ બૂચ અને પ્રમા મંકોડી દ્વારા પેઈન્ટીગ કરેલાં ચિત્રોનું પ્રદર્શન ગત માસમાં 'મેરાકી' (પેશન)ના શિર્ષક હેઠળ કીર્તિ મંદિર ખાતે ની આકૃતિ આર્ટ ગેલેરીમાં યોજાય ગયું.જેને ઘણો સારો પ્રતિભાવ સાંપડયો.જેની દરેક મીડિયામાં પણ નોંધ લેવામાં આવી.

❋ <u>વડોદરા :</u> અત્રે સ્થિત ૮૬ વર્ષીય ડો.ભગવતીબેન ઓઝાએ તેમના સંન્યાસ આશ્રમના આ તબકકામાં સમાજસેવાની ભાવનાથી તાજેતરમાં પી.એમ. કેર ફંડમાં રૂા.૩ લાખ અને મુખ્યમંત્રી રાહત નિધિમાં રૂા. ૨ લાખનું દાન આપી સમાજનું ઋણ અદા કર્યું.મુ.ભગવતીબેને એક સમયે લાંબા અંતરની સાયકલ યાત્રા,દેશ વિદેશની તરણ સ્પર્ધાઓમાં ભાગ લઈ અનેક મેડલ,પ્રમાણપત્રો મેળવ્યાં છે. તેઓ શ્રમ વ્યાયામ ને સાઈકલીંગના આગ્રહી છે.આજે આ જૈફ વયે પણ સાયકલ ચલાવી પ્રેરક ઉદાહરણ રૂપ બની રહયાં છે.

❋ <u>રાજકોટ :</u> અત્રેનાં સૌ.વૈશાલી અને ગૌરાંગ મહેશભાઈ ધોળકિયાના પુત્ર વિમર્શ ધોળકિયાએ તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત ગુજરાત કલા મહાકુંભ અંતર્ગત રાજકોટ ખાતે યોજાયેલ પ્રાદેશિક

When your intention is pure.. “God is always with you.

Each day is a gift “Open it “Celebrate it “Enjoy it..“

A person is respected who maintains perfect balance between speaking and silence..!

Negative Mind “Never give you a “Positive Life...

કક્ષાની તબલાવાદન હરિફાઈમાં ૧૪થી ૨૦ વર્ષના ગ્રુપમાં ૧૫ સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન મેળવી તેમનું તબલા પરનું કૌશલ્ય પૂરવાર કર્યું.હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.ચિ. વિમર્શ હાલમાં વડોદરા ખાતે એમ.એસ. યુનિવર્સિટીમાં સંગીતના બી.મ્યુઝના બીજાં વર્ષમાં અભ્યાસ કરી રહયા છે. સંગીતના કાર્યક્રમોમાં શાસ્ત્રીય – સુગમના જાણીતા કલાકારો સાથે તબલા સંગત પણ કરી રહયા છે. અભિનંદન.

❋ કમિશ્નર યુવા સાંસ્કૃતિક રમતગમત પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારી (રાજકોટ) દ્વારા ઈન્ટર સ્ટેટ યુથ કલ્ચરલ એકસચેંજ પ્રોગ્રામ અંતર્ગત 'આઝાદીના અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે પંજાબના ગુરદાસપુર ખાતે તા. ૧૫થી ૧૮ ફેબ્રુઆરી સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ ગયું. જેમાં ભાગ લેવા અત્રેના વિરંચી બુચના સાથ અને સહકારથી તુષાર પોટા (જેઓ અચ્છા ઢોલવાદક છે, નાટકો,કાર્યક્રમોની મંચસજ્જાનો કલા કસબ ધરાવે છે.)ના નેતૃત્વ હેઠળ નટરાજ ગ્રુપની ટીમ પંજાબ પહોંચી.જ્યાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં, ગુરદાસપુર,અમૃતસરની ખાલસા કોલેજ તથા વાઘા બોર્ડર ખાતે ગુજરાતની ટીમે ભાતીગળ ગરબાઓની સુંદર પ્રસ્તુતિ કરી ગુજરાતની લોકકલાને ગૌરવ અપાવ્યું.

❋ રોયલ એકેડેમી એન્ડ સીટી ડેન્ટલ ક્લિનિક આયોજીત કરાઓકે ફિલ્મી ગીત કોમ્પિટીશનમાં શ્રીમતી નીતાબેન વસાવડાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

❋ જ્ઞાતિના બે ક્રિકેટ ખેલાડીઓએ તેમની શ્રેષ્ઠ રમતના પ્રદર્શન દ્વારા સૌરાષ્ટ્રની ટીમને 'ચેમ્પિયન' બનાવવામાં મૂલ્યવાન યોગદાન આપ્યું હતું..ક્રિકેટને જાણે 'પેશન' તરીકે અપનાવનાર રમતને સમર્પિત ક્રિકેટર રાજકોટના અર્પિત કિરણભાઈ વસાવડાએ તાજેતરમાં રમાયેલ રણજી ટ્રોફીની દરેક મેચમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો એટલું જ નહી તેમને કેપ્ટનશીપ કરવાની તક મળી અને કેપ્ટન તરીકે યોગ્યતા પૂરવાર કરતાં સેમિફાઈનલ મેચમાં બેટીગ બોલીગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી, સૌરાષ્ટ્રની ટીમને વિજય અપાવ્યો અને ફાઈનલમાં પહોંચાડી. ફાઈનલમાં પણ બંગાળની ટીમ સામે રમતાં ૮૧ રનનું યોગદાન આપી ચેમ્પિયન બનાવી.અગાઉના દરેક મેચના બેટીગ તથા બોલીગમાં સાતત્યપૂર્ણ ઉત્કૃષ્ઠ દેખાવ બદલ તેમને 'પ્લેયર ઓફ ધ મેચ'જાહેર કરવામાં આવ્યા. બીજા એવાજ યુવા ખેલાડી રાજકોટના પ્રેરક નિલેશભાઈ માંકડે પણ બંગાળ સામે ફાઈનલમાં ૩૩ રનનું યોગદાન આપ્યું હતું.અગાઉના વર્ષોના તેમના બેટીગ બોલીગમાં બેસ્ટ ઓલરાઉન્ડ પરફોર્મન્સ બદલ પ્રેરક IPL માં પણ પસંદગી પામી રમવાની પણ તક મેળવી ચૂકયા છે. ફરી જ્ઞાતિના ખેલાડીઓએ જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.અભિનંદન.નેશનલ લેવલે પસંદગી પામે અને ક્રિકેટની રમતને જીતાડે તેવી શુભકામના.

*A happy soul doesn't get jealous of others happiness...*

*Work to improve.. Not to prove..!*

*Great things happen to those who don't stop believing,trying, learning and being grateful...*

*There is no cosmetic for beauty like happiness.*

# હાસ્યરંજન

–પ્રણાલી અંજારીઆ,ભાવનગર. મો.૯૧૦૬૭૪૦૬૮૮

આજે એક એવા માનવી ગુણ ધર્મની વાત કરવી છે.જે પરમકૃપાળુ પરમેશ્વરે માનવીને જ આપ્યો છે.હાસ્ય. આમ તો હાસ્ય માટે કોઈ કિંમત ચૂકવવી પડતી નથી પણ છે તો તે અમૂલ્ય રત્ન જેવું કોઈની સામે જોઈને મધુર સ્મિત આપો તો ભલે તેના કોઈ પૈસા ના મળે પણ તે વ્યક્તિના હૃદયમાં થોડાક સમય માટે સ્થાન તો જરૂર મળે છે.કલ્પના કરી જુઓ કે હાસ્ય વગરની દુનિયા કેવી હોત? જાણે તીખા તમતમતા પાણી વગરની ફિકકી પાણી–પુરી હોય તેવી હાલત હાસ્ય વગરની દુનિયાની હોય.

અનેક રીતે હાસ્ય ઉદ્ભવે પણ તેનો મર્મ અલગ અલગ.હાસ્ય વગર કોઈપણ ચહેરાનો ચળકાટ દેખાતો નથી. મંદ મંદ હસો કે પછી ખડખડાટ હસો બંને તમારા શારિરીક તેમજ માનસિક સ્વાસ્થ્ય માટે લાભકારક છે તે વિજ્ઞાને પૂરવાર કરી દીધું છે.

સૌથી નિર્દોષ હાસ્ય નવજાત શિશુનું હોય છે.તેના બોખા સ્મિતમાં કોઈ ભેળસેળ ભગવાને કરી નથી. બીજી બાજુ બનાવટી હાસ્ય ધરાવતા લોકો પણ હોય છે,જેના મનમાં ઘણા જ ઉપદ્રવ કે ઉદ્વેગ ચાલતા હોય છે.કોઈ વ્યક્તિ જો ખુલ્લા મનથી હસી ન શકતું હોય તો તેનાથી ચેતતા રહેવું.નિખાલસ વ્યકિત જ હસી અને બીજાને હસાવી શકશે.

કોઈકનું હાસ્ય ખંધુ હોય છે જેનાથી તેનું ચરિત્ર પરખાય જાય છે.ઘણા લોકો પાછળથી કોઈની ટીકા કરીને હસતા નજરે પડે છે,જ્યારે કોઈક એવું પણ હોય છે જેને ઘણા વખતે મળીને હાસ્ય ચહેરા ઉપર આપોઆપ હાસ્ય છવાય જાય છે.આપણા દેવી–દેવતાઓની છબી પર નજર કરશો તો પણ ખ્યાલ આવશે કે દરેક દેવી–દેવતાના ચહેરા પર મંદ મંદ સ્મિત રેલાતું હશે.ક્યાંય પણ તમે રડતા રામ કે ઉદાસ કૃષ્ણની છબી નહીં જોઇ હોય.

રોજિંદા જીવનમાં સતત માનસિક તાણ ભોગવતા લોકો માટે હાસ્યરંજન એટલે કે હાસ્ય સાથે આનંદ અથવા મનોરંજન પીરસવાના આજકાલ અનેક પ્રયોગો થાય છે જેમાં વહેલી સવારના કરવામાં આવતી લાફટર થેરાપી મુખ્ય છે.તેમાં એક સમૂહમાં લોકો ભેગા થાય ને વગર કારણે ખડખડાટ હસીને લોટ પોટ થઈ જતા હોય છે. એવું માનવામાં આવે છે કે આ રીતે હસતા હસતાં દિવસની શરૂઆત કરવાથી આખો દિવસ સુધરે છે.ટેલિવિઝન તેમજ ઓટીટી.ના માધ્યમ દ્વારા પણ અનેક ચેનલ પોતાના કોમેડી શો રજૂ કરતી

Happiness is the spiritual experience of..

living every minute with love, grace and gratitude.

*Don't compromise yourself, “You"re all you"ve got.*

*The Greatest Donation Is Forgiveness.*

એટલે ચાર્લી ચેપલિન અને મિસ્ટર બીન કે અગાઉના સમયના લોરેલ હાર્ડી યાદ આવ્યા વગર ન રહે..આ એવા પ્રકારનું હાસ્યરંજન હતું જેમાં વ્યકિત પોતે પોતાની આવડતથી પોતાની જાત ઉપર હસીને સૌને હસાવતો હતો.હાલ પ્રસારિત થતા કોમેડી શો આ શુદ્ધ હાસ્યની તોલમાં ન આવી શકે.આજે એવું કહેવાનું મન થાય છે કે બાળકોને કોમેડી શો કરતાં સદાબહાર કાર્ટૂન ટોમ એન્ડ જેરી દેખાડીએ તો પણ હાસ્યના ફુવારા છૂટી પડે અને તે પણ કોઈપણ પ્રકારની અણછાજતી ટીકા ટિપ્પણી વગર.હસવા અને હસાવવા માટે જ્યારે કોઈની માનહાનિ કે અપમાન કરવું પડે તો તે હાસ્યને કઈ કક્ષાનું ગણી શકાય? હા,અન્યની માનહાનિ કે ટીખળ થતાં જોઈને બીજા લોકોને મીઠો આનંદ આવે તેને કદાચ અલ્પસમયનું મનોરંજન કહી શકો પણ તે હાસ્યરંજન તો નથી તે વાત કબુલ કરવી પડે.આજે સેલફોનમાં જોતાં જોતાં એકલો એકલો વ્યકિત હસી લે છે પણ હાસ્યરંજન તો તો અવું હોય જે પરિવાર સાથે માણી શકાય.

હાસ્ય વિષે ઘણી કહેવતો પણ છે જેવી કે હસવા માંથી ખસવું થવું,હસે તેનું ઘર વસે વગેરે. મન ભરીને હસો પરંતુ એટલું યાદ રાખો કે હાસ્ય પણ મર્યાદા માંગી લે છે.શુદ્ધ હાસ્ય હશે તો તેનું સંક્રમણ ચારે તરફ ફેલાશે અને સૌને હાસ્યરોગ લગાડશે અને જો હાસ્યમાં અશુદ્ધિ ભળી ગઈ તો તે ફકત ઉદાસી અને હીનતાનો ભાવ જગાડશે.

ચાલો સંકલ્પ કરીએ કે મન ભરીને હસીશું અને બીજાના ચહેરા પર પણ હાસ્ય લાવીશું.આમ તો હસવા માટે ઘણા બહાના મળી રહેશે.હાસ્યકથાઓ વાંચીએ અને વંચાવીએ,જૂના પ્રસંગોને યાદ કરીને પરિવાર સાથે હસીએ અને એવી અનેક ક્ષતિઓ પર પણ હસીએ જે આપણામાં રહેલી હોય. સાચું હાસ્યરંજન બીજાની ઠેકડી ઉડાડવામાં નથી પણ ખુદ પર હસવામાં છે..કારણ કે ખુદ પર હસનારને કોઈ રડાવી નથી શકતું.

---

## કુ. હસ્તિ ઢેબરે એમ.બી.બી.એસ.ની પદવી મેળવી



કુ. હસ્તિ ઢેબર, તે રાજકોટના જાણીતા તબીબ ડો.વિહાંગ ઢેબર તથા સૌ.શિલ્પા વિહાંગ ઢેબરનાં પુત્રી તાજેતરમાં લેવાયેલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ડિસ્ટીંગ્શન માર્કસ મેળવી ઉત્તીર્ણ થઈ ડોકટરની પદવી મેળવી.

ચિ.હસ્તિ, વૃંદાબેન તથા સ્વ.ડો.ગિરીશભાઈ દેસાઈનાં દોહિત્રી તથા રાજકોટના જગતકિશોર ઢેબર તથા સૌ.પ્રતિમાબેન ઢેબરનાં પૌત્રી થાય.

અભિનંદન – ઉજ્જવળ ભાવિની શુભકામના.

Food“Today's waste Is Tomorrow's scarcity...

Do literally whatever makes you happy

If you want a thing done well... Do it Yourself !

Sometimes PEACE is better than being RIGHT...

## ગુજરાતી ભાષા વિશિષ્ટ શા માટે...

—કલાપી ધોળકિયા,વડોદરા.મો.૯૯૯૮૦૧૦૬૧૩

આજકાલના વિદ્યાર્થીઓને કદાચ ખબર પણ નથી કે ભારતીય ભાષાઓની વર્ણમાળામાં વિજ્ઞાન ભરેલું છે. વર્ણમાળાના પ્રત્યેક અક્ષર તર્કશુદ્ધ છે અને ચોકકસ ગણતરી સાથે ક્રમશઃ મૂકવામાં આવ્યા છે. અન્ય વિદેશી ભાષાની વર્ણમાળામાં આવો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જડતો નથી.જેના ઉદાહરણ જોઈએ તો—

ક ખ ગ ઘ ઙ : આ પાંચના સમૂહને કંઠવ્ય કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે કંઠમાંથી ધ્વનિ નીકળે છે.બોલી/ઉચ્ચાર કરી જુઓ.

ચ છ જ ઝ ... : આ પાંચેય તાલવ્ય કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ તાળવે લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

ટ ઠ ડ ઢ ણ : આ પાંચેય મૂર્ધન્ય કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ મૂર્ધાને લાગશે.ઉચ્ચાર કરી જુઓ.

ત થ દ ધ ન : આ પાંચના સમૂહને દંતવ્ય કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ દાંતને અડે છે.

પ ફ બ ભ મ : આ પાંચના સમૂહને ઔષ્ઠવ કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરવા માટે બંને હોઠનું મિલન થાય છે.પ્રયત્ન કરી જુઓ.

વળી સ્વરોનું વિજ્ઞાન પણ ચહેરાના જુદા જુદા ભાગોમાં અસરકર્તા હોય છે જેમ કે—

અ—મસ્તક, આ—લલાટ, ઈ—જમણી આંખ,ઇ—ડાબી આંખ, ઉ—જમણો કાન, ઊ—ડાબો કાન, ઋ—જમણો ગાલ, ૠ—ડાબો ગાલ, લૃ બંને નાસિકાઓ,એ—ઉપરનો હોઠ,ઐ—નીચેનો હોઠ,ઓ—ઉપરની દંતપંકિત, ઔ—નીચેની દંતપંક્તિ,અં અને અઃ તાળવાના અંદર અને થોડે ઉપર એમ બે સ્થાન.

આટલો વૈજ્ઞાનિક અભિગમ દુનિયાની કોઈ ભાષામાં નહી જોવા મળે. ભારતીય ભાષા માટે ગૌરવ જરૂર કરીએ પણ સાથોસાથ શા કારણસર એ પણ જાણકારી રાખીએ.જાગૃતિપૂર્વક દરેક અક્ષરનો,વિવિધ શબ્દોની,જુદા જુદા વાકયોનો અને ઉદ્ગાર કે ઉહકાર તેમજ અલગ અલગ સ્વરોના વિનિયોગનો મહાવરો વાણીની પરિપકવતા દર્શાવે છે.સંબંધોમાં કે વ્યવસાયમાં કે ઔપચારિક સંવાદોમાં માધૂર્ય,સ્નેહ—આદર અને સાર્થકતા પ્રાપ્ત કરવામાં આપણો અવાજ અનેરૂં મહત્વ ધરાવે છે.નાટક શાસ્ત્રમાં વાચિક અભિનયની મહત્તાને સમજવા તેમજ અનુભવ કરવા માટે પણ આ જ્ઞાન મેળવવું આવશ્યક છે. શબ્દ અને સ્વર વિજ્ઞાનનું જ્ઞાન હોવું એ એક એવી બાબત છે,જે વીણાવાદીની સરસ્વતીની કૃપાનો પ્રસાદ છે.

Decision Defines Destiny

Take care of the body.. It is the only place where we have to live..!

Never Promise More than You can Perform.

When nothing is sure Everything is possible..!

## ચાલો વસાવડ...ચાલો વસાવડ

## વાઘેશ્વરી માતા ચેરિટેબલ ટ્રસ્ટ – નિમંત્રણ

આગામી તા.૨૯/૩/૨૦૨૩ના ચૈત્ર સુદ આઠમને બુધવારના રોજ શ્રી વાઘેશ્વરી ધામ, વાસાવડ ખાતે હવનનું આયોજન કરવામાં આવ્યું છે.સમસ્ત માઈ ભક્તોને યજ્ઞમાં સામેલ થવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવે છે.

તારીખ : ૨૯–૩–૨૦૨૩ બુધવાર બીડું હોમવાનો સમય બપોરે ૧૨ કલાકે

સ્થળ : વાઘેશ્વરીધામ, ગામ : વાસાવડ ,તા. ગોંડલ

નોંધ : (૧) રાજકોટથી વાસાવડ માટે એક એ.સી.બસની વ્યવસ્થા કરવામાં આવી છે.વહેલા તે પહેલાના ધોરણે રૂા.૩૫૦/– (નોન રીફંડેબલ) ભરીને આપની સીટ બુક કરાવી લેવાની રહેશે.

(૨) બસ માટેના બુકીંગની છેલ્લી તારીખ ૨૦/૩/૨૩ રહેશે.

(૩) બસ બુકીંગ માટે રાજકોટના જ્ઞાતિજનોએ શ્રીમતી દર્શનાબેન હેમેન્દ્રભાઈ વસાવડાનો મો.નં.૯૪૦૮૦૦૭૪૪૮ જૂનાગઢના જ્ઞાતિજનોએ ધવલભાઈ વસાવડાનો મો. નં. ૮૧૬૦૯૯૬૦૪૨ તથા અમદાવાદના જ્ઞાતિજનોએ દેવલ વસાવડાનો મો.નં. ૯૯૭૮૮ ૨૮૫૯૯ ઉપર સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ દરમ્યાનમાં સંપર્ક કરવો.

(૪) અંગત વાહન લઈને આવતા જ્ઞાતિના માઈ ભકતોના ચા નાસ્તા અને ફળાહારની વ્યવસ્થાની સરળતા માટે આવનાર સભ્યોની સંખ્યાની તારીખ ૨૨/૩/૨૩ સુધીમાં અચૂક જાણ કરવા નમ્ર વિનંતી છે. જે માટે તથા અન્ય વધુ માહિતી માટે વિતેશ વસાવડાનો મો.નં. ૮૧૨૮૮૫૩૫૭૫ ઉપર સંપર્ક કરશો.

Face reality as it is,
Not as it was
or as you wish it to be...
- Jack Welch“

You glow
differently..
When you are
actually
happy..!

Trust his
timings..
Good alone
wins..
Never evil..!

Miracles
don't happen to you.
They happen
through you.

## એક ચાનો કપ

–ભારતી હાથી,જોધપુર.મો. ૯૮૨૮૨૮૮૧૯૮

એકવાર ઓફીસના કામથી દાહોદ જવાનું થયું.વહેલી સવારે અમદાવાદથી નીકળ્યો..દાહોદ પહોંચતાં સહેજે ૩–૪ કલાક થઈ ગયા હતા.બસ સ્ટેન્ડે ઉતરી ગામ તરફ ચાલ્યો.ચા પીવાની તીવ્ર ઈચ્છા થઈ હતી.થોડે દૂર એક નાની પણ વ્યવસ્થિત હોટલ દેખાઈ તેમાં અનુકુળ જગ્યા જોઈ બેઠો. ગરમા ગરમ ગોટા ઉતરતા હતા.મેં એક પ્લેટ ગોટા અને ચાનો ઓર્ડર આપ્યો.કાઉન્ટર ઉપર મેં જોયું તો એક ભાઈએ 'ચ્હા'નો ઓર્ડર આપ્યો અને કહયું, 'એક કપ ચા મારા ટેબલ પર અને એક કપ ભીંત ઉપર.'એવામાં સાધારણ દેખાવનું એક કપલ આવ્યું અને કહયું '૧ કપ ચા ટેબલ પર અને ૨ ચા ભીંત ઉપર.'હું નવાઈ પામ્યો.આ 'ભીંત પર ચા'શું છે.ભીંત પર તો ચા મૂકવાની જગ્યા દેખાતી નથી! પણ એમના બોલ્યા પછી વેઈટરે એક કાપલી ભીંત ઉપર ચોંટાડી અને ૨ ચા બાજુના ટેબલ પર આવી.ત્યાર પછી બે ગૃહસ્થ લાગતા બે ભાઈઓ આવ્યા. એમણે પણ આ રીતે ૨ ચાનો ઓર્ડર આપ્યો.બેઠા બેઠાં હું આ જોતો હતો એટલી વારમાં મે મારી ચા પી લીધી.પૈસા ચૂકવી,ઉભો થઈ સીધો કાઉન્ટર ઉપર ગયો અને કાઉન્ટર મેનને પૂછયું, 'ભાઈ, આ ૧ કપ ચા ભીંત ઉપર એ શું છે?મને તો ભીંત પર ચા મૂકવાની જગ્યા દેખાતી નથી!' ઓલા ભાઈ મારી સામે જોઈ હસીને કહે, 'તમે કોઈ નવા લાગો છો.. પછી કહે કે અમારી હોટલની પરંપરા છે..જુઓ અહીં આજુ બાજુ ગામડામાંથી ઘણા દહાડી મજુરો રોજગારી કામ માટે આવતા હોય છે.ગરીબીમાં જીવનારા, રોજ કમાઈને રોજ કમાઈને ખાનારા, ઘણાં તો બૈરાં છોકરાં સાથે આવે. જેને જે કામ મળી જાય એ કરે.એમાંના ઘણા એવા હોય છે કે એમની પાસે ચા પીવાના પૈસા પણ નથી હોતા.અમારા હોટલના માલિક સારા છે જે તેમને ઘણી વાર ઉધાર ખાતે કે એમ ને એમ ચા આપી દે છે. સાથે સાથે આવા લોકો માટે યોજના કાઢી છે.જેમાં કોઈ વ્યકિત સ્વેચ્છાથી આવા મજુરોની મદદ કરવા માંગતા હોય તો કરી શકે છે. જેમાં ૧ ચા પોતાના માટે અને ૧ ચા આવા કોઈ અજાણ્યા માટે દાન કરી શકે છે. જે ચાના પૈસા આપનારના ખાતે જાય છે..અને આમ આપનાર કે લેનારને ખબર નથી હોતી કે કોણ કોને આપે છે ને કોણ લે છે.જેને કારણે લેનારનું સ્વમાન જળવાઇ રહે છે.ટૂંકમાં ભીંત પરની 'ચીટ'નો આ રીતે ઉપયોગ થાય છે.જ્યારે કોઈ મજુરને ચા પીવી હોય અને તેની પાસે પૂરતા પૈસા ન હોય ત્યારે આ ભીંત પરની 'ચીટ'નો ઉપયોગ કરી શકે છે.ઘણા

The more you trust God. The more he Amazes you.

God Answers When You “Least Expect“It..

Karma cleanse..
- Be grateful
- Act with love
- Check your motives
- Watch your attitude
- Forgive

The less you want, the happier you are..The happier you are, the less you want..

**સગપણ—સગાઈ :**

—:— વડોદરા સ્થિત શ્રીમતી ઉન્નતિ અને શ્રી નિમિષ રણજીતભાઈ ધોળકિયાનાં પુત્રી હિમાનીનું સગપણ વડોદરા સ્થિત શ્રીમતી સ્મિતા અને શ્રી તરૂણ રમેશભાઈ વૈદ્યના પુત્ર ધૈર્ય સાથે.

**લગ્ન વિષયક જાહેરાત :**

(૧) અભ્યાસ : એમસીએ., જ.૪/૧૯૯૨, ઉ.૫'.૨" રાજકોટ ખાતે પ્રા.લી.સોફટવેર કંપનીમાં સિનિયર એનાલીસ્ટ તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા.સંપર્ક : ૯૯૨૫૦૫૨૭૨૮.

(૨) અભ્યાસ : માસ્ટર ઓફ એકાઉન્ટસ,સી.એ.એન્ટ્રન્સ પાસ,જ. ૩/૧૯૯૬, ઉ.૫'.૧૦" સિનિયર એકાઉન્ટસ એસો.તરીકે ગાંધીધામ ખાતે પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૭૨૦૫૨૫૫.

---

(ચાનો કપ..ચાલુ) લોકો ચા સાથે બિસ્કીટ અને ટોસ્ટ પણ લખાવે છે.

હજુ અમે આ વાત કરતા હતા ત્યાંજ એક ચીથરેહાલ દેખાતો મજુર આવ્યો સાથે એક બાળક પણ હતું.તેને ચા પીવાની ઈચ્છા વ્યકત કરી.તરત જ કાઉન્ટરમેને વેઈટરને કહયું કે ભીત પરથી ચા લાવ. મેં જોયું કે ભીત પર ૧૦—૧૨ સ્લીપ લાગેલી હતી.મેં પણ આનો લાભ લઈ ચા—નાસ્તો આપવા કહયું જે તેની જાણ બહાર હતું.હોટલની બહાર નીકળતાં ચા—નાસ્તો કરતા મજુર અને બાળક જોઈ રહયો..ને મનમાં એક સારૂં કામ કર્યાના સંતોષ સાથે ગન્તવ્ય સ્થાન તરફ જવા પ્રયાણ કર્યું.

મને આ સુપાત્ર દાન કરવાની નવી રીતે બહુ જ ગમી ગઈ.જેવી જેની શ્રધ્ધા તે મુજબ કરી શકે.ને આમ ટીપે ટીપે સરોવર ભરાય.ત્યાર પછી તો હું જ્યારે પણ દાહોદ મારા કામથી જવાનું થાય ત્યારે આ 'સદાનંદ' હોટલમાં ચા પીવા જાઉ છું અને સાથે ૨ ચા અને બિસ્કીટ કે નાસ્તો ભીત પર લખાવવાનો નિયમ બની ગયો છે.અને જેનો આત્મસંતોષ અનુભવું છું.

---

<u>પાને પાને ઉચ્ચ વિચાર :</u> રાજકોટના વિરંચી બુચ કલા રસિક, નિપૂણ ઢોલવાદક, શ્રી ગરબા વૃંદના (તે અને શ્રીમતી પ્રાપ્તિ બુચ) સંચાલક છે.જેઓ 'પ્રાર્થના કરે સબકા હો'ની કામના સાથે,ગહન અર્થ ને મર્મ સમજી, મનન કરવા જેવો એક પ્રેરક સુંદર વિચાર દરરોજ સવારે વ્હોટસએપ ઉપર મિત્રો શુભેચ્છકોને તથા ગ્રુપમાં નિયમિત મોકલે/મૂકે જે મને પણ મોકલે જેમાંથી ચયન કરી,બહુજન હિતાય આ વિચારો આ અંકમાં દરેક પાને નીચે બોકસમાં સાભાર પ્રકાશિત કરીએ છીએ. પસંદ પડે તો તેમને મો.નં.૯૮૯૮૯૯૫૩૯ ઉપર મેસેજ/ફોન કરશો.— તંત્રી

Do you want to know who you are.? Don't ask. "Act !"-

Action will delineate and define you.. -Thomas-Jefferson"

Be a Voice Not an Echo"

Encourage yourself "Believe in "yourself" And love yourself...

## ત્રિવેણી સંગમ

–નિખિલ પંડયા,મુંબઈ. મો.૯૫૪૫૦૯૧૯૫૫

રાત્રે  આઠ વાગ્યે હું અને મારી પત્ની ઘર પાસેની હોટલમાં સૂપ પીતા ગપ્પા મારતાં હતાં. ઘડપણને કારણે અમને બંનેને રાત્રે જમવાની રૂચિ થતી નહી.

અમે બંને આજીવન મેડિકલ પ્રેકટીશ્નર. હું અને મારી પત્ની ડો. ઋચા માહિમ ખાતે એક બંગલામાં રહેતા હતાં. ઉંમરના કારણે પ્રેકટીશ ઘટાડી નાખેલી. જેમાં અમે બંને તથા રસોઈ વાળી બેન સહીત ચાર વ્યકિતનો સ્ટાફ.બહાર વોચમેન ૨૪ કલાક રહેતા.

અમારો પુત્ર યુ.એસ.માં અભ્યાસ પૂર્ણ કરી ત્યાં જ એક હોસ્પિટલમાં ડોકટર તરીકે ફરજ બજાવતો હતો. તેના હાથ નીચે આઠેક ડોકટર,ચાર નર્સ,વોર્ડબોય સ્વીપર તેમ મળીને આશરે વીસ જેટલા સ્ટાફનું સંચાલન કરતો અમારા પુત્ર વિનિતની સારા ડોકટર તરીકે ઘણી સારી નામના હતી.

અચાનક જ મારી નજર સામેના ટેબલ ઉપર બેઠેલા પતિ–પત્ની ઉપર પડી.યુગલ જાણીતું હોય તેવો આભાસ થવા લાગ્યો.મગજમાં બુલેટ ટ્રેઇનની તીવ્ર ગતિએ વિચારો આગળ વધી રહયા હતા.ત્યાં અટકયા ને યાદ આવ્યું...અરે હા લગભગ ૬૦ વર્ષ પહેલાં મારી સાથે કોલેજમાં ભણતી સોનલ. તેને મેડીકલમાં એક ટકો ઓછો આવતાં તેણે એમ.એસસી.,પીએચ.ડી.નો અભ્યાસ કરી કોલેજના પ્રિન્સીપાલ તરીકે નિવૃત્ત થઈ હતી. તેમના પતિ દેવાંગ,ખ્યાતનામ ઉદ્યોગપતિ હતા.વય મર્યાદાને કારણે દેવાંગે બિઝનેસનો કારોબાર પુત્રને સોંપી દીધો હતો.એક પુત્રી હતી, જે યુ.એસ. હોસ્પિટલમાં ડોકટર તરીકે ફરજ બજાવતી હતી.

બારમા સાયન્સમાં હું અને સોનલ એન.સી.સી.ના કેમ્પમાં સાથે હોવાથી મૈત્રી બંધાઇ પરંતુ ઈશ્વરને અમારો પ્રણય મંજુર ન હતો.તેના પિતાની બદલી થતાં બીજાં શહેરમાં સ્થાયી થવા નીકળી ગયા.

સોનલ ને મારી મુલાકાત લાંબા સમય બાદ થતાં તુરત ઓળખી ના શકયા...બાદમાં તેને યાદ આવતાં તે મારી પાસે આવી.સામાન્ય વાતો તથા કોલેજકાળના સંસ્મરણો સિવાય બીજું કાંઈ સંભવ ન હતું.મેં મારી પત્નીની ઓળખાણ કરાવી અને સોનલે તેના પતિને મારી ઓળખ આપી.

જો કે સોનલ અને તેના પતિને યુ.એસ.માં ડોકટર પુત્રી કોમલના લગ્ન અંગે મનમાં ચિંતા

Always keep Trying... you don't know whether the next try is going to make it work..!

HOPE Is the only thing Stronger than FEAR

Turn your wounds into wisdom..!

KARMA is very simple... You GET what you GIVE

હતી.જેણે ગાયનોકોલોજીમાં એમ.એસ. કર્યુ હતું...ને અમે બંને અમારા ડોકટર પુત્ર વિનિતના સંસાર વસાવવાની ચિંતામાં હતાં.

મેં રાત્રે ઘેર આવી વિનિતને તેના લગ્ન વિશે વિચાર જાણવા તથા સમજાવવા વિડીયો કોલ કરતાં તેણે કહયું કે 'પપ્પા મારે અહીં મારી હોસ્પિટલમાં જ કામ કરતી ડોકટર સાથે લગ્ન કરવાનો વિચાર છે.' અમે ચારેય થોડા નિરાશ થયા ત્યાં ખબર પડી કે પુત્ર સાથે લગ્ન કરવા ઈચ્છુક કન્યા તે બીજી કોઈ નહીં પરંતુ સોનલ અને દેવાંગની પુત્રી રેશ્મા જ હતી. આ સમાચાર જાણી અમારી ચારેયની ખુશીનો પાર ન રહયો.હું વિચારતો રહયો કે મારી ને સોનલ વચ્ચે કાંઈક ૠણાનુબંધ હશે ! ખેર!

બીજે મહીને રેશ્મા અને વિનિતને ભારત બોલાવ્યાં.અમે બંને પરિવારે ઉત્સાહપૂર્વક યાદગાર લગ્નનું નકકી કર્યુ અને અમારી ઈચ્છા મુજબ ધામધૂમથી લગ્ન પ્રસંગ ઉજવાયો.

આમ, રાતના હોટલના સૂપે જાણે અમારા બંનેનું ઘડપણ સોહામણુ બનાવી દીધું!

---

**<u>અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :</u>**

રાજકોટ : નલિનીબેન પ્રવીણભાઈ ઢેબર, હંસાબેન નરેન્દ્રભાઈ વસાવડા, જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઈ અંજારિયા, ગં.સ્વ.અંજનાબેન વિદ્યુતભાઈ બક્ષી–૯૪ વર્ષ,નલીનભાઈ જીણુભાઈ બક્ષી,મંજુલાબેન અજીતરાય અંતાણી–૯૨ વર્ષ, રેણુકાબેન નટવરલાલ બક્ષી, કિરણભાઈ મનહરભાઈ ધોળકિયા, હરેન્દ્રભાઈ હરિપ્રસાદ ઝાલા, ગં.સ્વ. દમયંતીબેન ચંદ્રકાંત છાયા–૯૨ વર્ષ

જૂનાગઢ : મધુકાન્ત રજનીકાંત બુચ ૮૪ વર્ષ, અનિલભાઈ વૈશ્નવ, રશ્મિનબેન ચંદ્રકાંતભાઈ વસાવડા, નિરંજનાબેન બંસીધરભાઈ મજમુદાર.

અમદાવાદ : અનિલભાઈ ચંદ્રકાંતભાઈ નાણાવટી, હરેન્દ્રરાય પ્રભુલાલ ધોળકિયા–૮૭ વર્ષ, ગં.સ્વ. સુધાબેન રાધારમણ વૈષ્ણવ,હરેન્દ્રરાય પ્રભુલાલ ધોળકિયા–૮૭ વર્ષ,દ્યુમનબેન પ્રદ્યુમ્નભાઈ દેસાઈ, પવનકુમાર લાલશંકર નાણાવટી.

વડોદરા : ગં.સ્વ.ઉર્વશીબેન ભાલચંદ્રભાઈ બુચ – સુરત : ઈલાબેન સુરેશભાઈ વૈશ્નવ,

ભુજ : ઉષાબેન શિવલાલભાઈ ધોળકિયા–૮૧ વર્ષ, જ્યોત્સનાબેન સુરેન્દ્રભાઈ માંકડ.

વલસાડ : સૌ.જીજ્ઞાસાબેન તુષારભાઈ મંકોડી

Spirituality is to stay unaffected..!

The glow on the face is the reflection of the heart..!

Nothing in life is to be feared.. It is only to be understood..!

Laziness will destroy you If you don't destroy it..

## સાચો અને સ્પષ્ટ પ્રતિભાવ :

ઓક્ટોબર–નવેમ્બરના દીપોત્સવી અંકમાં મારી નજરચૂકને કારણે નૂતન વર્ષાભિનંદન શબ્દ ખોટી રીતે છપાયેલ જેનું મુ.નીલકંઠભાઈએ ધ્યાન દોયુ અને એક વાર્તાનો પેરેગ્રાફ બે વાર છપાઈ ગયેલ, જે મારાં પત્નીએ વાંચીને ધ્યાન દોરતાં આ બંને સુધારા–ફેરફાર કરીને વેબસાઈટ ઉપર અંક મૂક્યો હતો. (આ ભૂલ અને પ્રયત્ન છતાં સ્વભાવગત–ટેવવશ અન્ય જોડણીદોષ પણ રહે છે તેની કબુલાત સાથે ક્ષમા.)

આ દરમ્યાન વીરનગર સ્થિત મુ.નીલકંઠભાઈ અંતાણીને બરછીનો આ અંક ટપાલમાં મળતાં દીપોત્સવી અંકને નવાજવા સાથે શુભચિંતક તરીકે મારી ક્ષતિ–ભૂલ તરફ અંગુલીનિર્દેશ કરતો પત્ર થોડા સમય પહેલાં મળ્યો. અનુભવે સમજાય છે કે આવી ભૂલ/ખામી દર્શાવતો સાચો પ્રતિભાવ– (કે પરિવારમાં સાચો અભિપ્રાય/મત) તે જ આપી શકે કે જે અંતરથી સ્વચ્છ–પ્રેમાળ હોય, પોતે શ્રેષ્ઠતાના આગ્રહી હોય, ચોકસાઈમાં માનનાર ને અમલ કરનાર હોય, કોઈને ખરાબ ન લાગે ઉપરાંત નિંદા, ટીકાની ભાવનાથી નહીં પરંતુ વ્યકિત/કુટુંબ/ સમાજનું સારૂં થાય, બીજીવાર ધ્યાન રહે તે શુભ ઉદ્દેશ જ હોય...આવા જ દરેકના શુભચિંતક નિસ્પૃહી પ્રેમાળ વડીલ મુ.નીલકંઠભાઈનો પ્રતિભાવ અને સાથે પત્રલેખન સૌને જાણવા, સમજવા અત્રે સાભાર પ્રકાશિત કરી રહયા છીએ. વાંચો...

સાદર જય હાટકેશ.

'બરછી'નો દીપોત્સવી અંક મળ્યો. મન ભરીને માણ્યો. સંપાદન માટે ઉઠાવેલી જહેમત દાદ માંગી લે એવી! 'બરછી'ના વાંચક જ્ઞાતિજનોને જેવી ગમતી હોય તેવી કૃતિ ગમી રહે એ માટે સાહિત્યના બધા પ્રકાર આવી જાય તેવી કૃતિઓ પસંદ કરી પ્રકાશિત કરવા બદલ ધન્યવાદ. આ કામ ખૂબ જ મહેનત અને ધીરજ માગી લે તેવું છે.

'બરછી'ના આ અંકના ટાઈટલ પેજ પર 'આપણા સાક્ષરરત્નો'ની તસવીરો દ્વારા સરસ અંજલિ આપી છે એ વધુ ગમ્યું...પરંતુ–

સુંદર ટાઈટલ પેજ, સાહિત્યના સ્વામીઓની તસવીરો વિ.અતિ સુંદર હોવા છતાં એક વાત મનને ગમી નહીં, અને તે છે : તસવીરોની નીચે નવા વર્ષની વધામણી માટેનું વાક્ય જે આમ છપાયેલ છે...
'નૂતન વર્ષા અભિનંદન' આ ક્ષતિ છે અને સાચો શબ્દ 'વર્ષાભિનંદન' છે. (વર્ષ–અભિનંદનની સંધિ) 'વર્ષા અભિનંદન' તો વરસાદ ઋતુની વધામણી થાય ને!

નાગર સંતાનોની ભાષાશુદ્ધિ માટે સહુ માન ધરાવે છે. તેથી નાગરોએ વધુ સતર્ક રહેવું પડે.

આ વાત આપ સ્વીકારશો..ફાધર વાલેસે તો લખ્યું છે કે 'ભાષાશુદ્ધિ એટલે જીવનશુદ્ધિ.'

ફરી ધન્યવાદ અને શુભેચ્છા.

લી.ભવદીય

નીલકંઠ અંતાણી

## રાજકોટના નાગર કિડની પેશન્ટ માટે રાહત દરે દવા મેળવી આપવા નમ્ર અપીલ...

જ્ઞાતિના કિડની પેશન્ટ રાજકોટ ખાતેની એક ટ્રસ્ટની હોસ્પિટલમા અઠવાડિયામાં બે વાર નિયમિત ડાયાલિસીસ કરાવે છે.તેમને Zytanix5 દવાની કાયમી જરૂરીયાત છે.'જેનેરીક કે સબ્સ્ટીટયુટ' દવાની મનાઈ છે અને આ દવા ઘણી મોંઘી છે ને ક્યારેક મળવી પણ મુશ્કેલ હોવાથી ઝાયડસ કેડીલા કંપનીમાં નોકરી કરતા કે કંપનીના રિપ્રેઝન્ટેટીવ, સ્ટોકીસ્ટ કે ડોકટર દ્વારા ઓળખાણનો ઉપયોગ કરી હોલસેલ ભાવે કે વધુમાં વધુ ડિસ્કાઉન્ટ ભાવે મેળવી આપવા અપીલ કરી છે. ખર્ચ ઘટાડવાનો જ ઉદેશ હોવાથી દાન સ્વીકાર્ય નથી.જેની નોંધ લેશો.વધુ માહિતી માટે ૯૪૦૯૦૧૭૮૫૪ પર સંપર્ક કરશો.


# સરગમ ઇવેન્ટસ્

૭૦૬૯૦૦૦૮૯૮
૬૩૫૧૯૨૩૧૧૭

**સગાઈ, લગ્ન, રિસેપ્શન, એનીવર્સરી, બેબી શાવર, નામકરણ, જન્મદિવસ, કુટુંબ મેળો, વાસ્તુ વગેરે પ્રસંગોમાં નીચે મુજબની વ્યવસ્થા કરી આપશું.**

નામનો લોગો, આમંત્રણ પત્રિકાની પ્રિન્ટ - પીડીએફ - વિડિયો
પહેરામણી સ્ટીકર, વેલકમ બેનર, વેલકમ કાર્ડ/કિટ, છાબ
મંડપ, સ્ટેજ, લાઈટ, છાબ, કાર વગેરે ડેકોરેશન
ગીત- સંગીત, સાઉન્ડ, એન્કરિંગ, દરેક પ્રકારની એન્ટ્રી
મહેંદી, પાર્લર, ફૂલહાર, ફોટો કે વિડિયોગ્રાફી, કેટરિંગ, કેક
પ્રસંગ માટે પાર્ટી પ્લોટ, હોટલ, રિસોર્ટ, રૂમ, કાર, બસ

સરગમ સજાવશે અવસર



# ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**



Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.



**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
**સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯**


BOOK POST

મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.